# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

Ref no. PN 2026-27/49 Dt. 01/08/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા 'SGCCI વાધવાણી એક્સેલરેટ પ્રો' લોન્ચ

## રૂ. 25 કરોડથી વધુનું ટર્નઓવર ધરાવતા વેપારોને મળશે નવી ઉડાન

### પ્રમુખ અશોક જીરાવાલાએ પદગ્રહણ વખતે લીધેલા સંકલ્પો સિદ્ધ કર્યાઃ 100 કંપનીઓને પસંદ કરી તેમના ટર્નઓવરને 1X થી 3X સુધી વધારવાનો મક્કમ લક્ષ્યાંક

### વાધવાણી ફાઉન્ડેશન અને ચેમ્બરના ઉપક્રમે 'Zero Equity' અને 'Zero Commission' સાથે 12 અઠવાડિયાનો પ્રેક્ટિકલ ગ્રોથ પ્રોગ્રામ શરૂ

### રૂ. 5થી 25 કરોડનું ટર્નઓવર ધરાવતા સાહસોનો પણ 'SGCCI વાધવાણી લિફ્ટઓફ' કોહોર્ટ હેઠળ પ્રથમ દિવસથી જ સમાવેશ કરાશે

### •ઈમરજન્સી માટે 'SGCCI ઉદ્યોગસાથી 24 * 7' હેલ્પલાઇન બાદ હવે ગ્લોબલ બિઝનેસ સ્કેલિંગ માટે પાવરફુલ ફ્રેમવર્ક કાર્યરત

સુરત, 01 ઓગસ્ટ 2026: દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને પોતાના બિઝનેસ સ્કેલ-અપ કરવામાં પડતી મુશ્કેલીઓ નિવારીને તેમને આગામી મોટા લક્ષ્યાંકો સુધી પહોંચાડવાના હેતુથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા "SGCCI વાધવાણી એક્સેલરેટ પ્રો" પ્રેક્ટિકલ પ્રોગ્રામનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુરુવાર, તા. 30 જુલાઈ 2026ના રોજ સાંજે 05:30 કલાકે સરસાણા સ્થિત 'સંહતિ' હોલ ખાતે યોજાયેલા વિશેષ સમારોહમાં આ ફ્લેગશિપ પ્રોગ્રામનું વિધિવત લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

## પ્રમુખ અશોક જીરાવાલાના સંકલ્પોની પરિપૂર્ણતા

ચેમ્બરના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ તેમના પદગ્રહણ વખતે જે મહત્વપૂર્ણ સંકલ્પો જાહેર કર્યા હતા, તેમાંનો સૌથી મહત્વપૂર્ણ સંકલ્પ એટલે 'SGCCI વાધવાણી એક્સેલરેટ પ્રો'. પદભાર સંભાળ્યાના ગણતરીના દિવસોમાં જ તેમણે એક પછી એક મહત્વપૂર્ણ સંકલ્પો સિદ્ધ કર્યા છે. તાજેતરમાં જ આ સંકલ્પોના ભાગરૂપે ઉદ્યોગોને ઈમરજન્સીમાં તાત્કાલિક મદદ પૂરી પાડવા 'SGCCI ઉદ્યોગસાથી 24 * 7' હેલ્પલાઇન લોન્ચ કરાઈ હતી, જેના પછી હવે ઉદ્યોગોના ટકાઉ વિકાસ માટે આ મહત્વાકાંક્ષી પ્રોગ્રામ શરૂ કરાયો છે.

પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પોતાનું વિઝન સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, "આ પ્રોગ્રામ થકી દક્ષિણ ગુજરાતમાંથી એવી 100 પસંદગીની કંપનીઓ તૈયાર કરવાની યોજના છે, જેમનું ટર્નઓવર 1X થી લઈને 3X (એકથી ત્રણ ગણું) સુધી વધારી શકાય. આ પ્રોગ્રામ હેઠળ કંપનીમાં કોઇ હિસ્સો આપવાનો નથી કે નફામાંથી કમિશન આપવાનું નથી (Zero Equity and Zero Commission)."

## ટર્નઓવર સ્લેબ અને 'SGCCI વાધવાણી લિફ્ટઓફ'ની નવી જાહેરાત

પ્રારંભિક તબક્કે આ પ્રોગ્રામ રૂ. 25 કરોડ, રૂ. 50 કરોડ અને રૂ. 100 કરોડથી વધુનું ટર્નઓવર ધરાવતા બિઝનેસ માટે ડિઝાઇન કરાયો હતો. પરંતુ લોન્ચિંગ પ્રસંગે ઉદ્યોગકારોના હિતમાં અને નાના ઉદ્યોગકરોની લાગણીને ધ્યાનમાં રાખી એક મહત્વપૂર્ણ નવી જાહેરાત કરવામાં આવી છે. જે મુજબ રૂ. 5 કરોડથી રૂ. 25 કરોડ વચ્ચેનું ટર્નઓવર ધરાવતા એકમો માટે 'SGCCI વાધવાણી લિફ્ટઓફ' પ્રોગ્રામ હેઠળ અલગ કોહોર્ટ (Cohort) બનાવીને આ જ ફ્રેમવર્ક અંતર્ગત પ્રથમ દિવસથી જ સાંકળી લેવામાં આવશે.

## 12 અઠવાડિયાનો પ્રેક્ટિકલ પ્રોગ્રામ

વાધવાણી ફાઉન્ડેશનના સ્ટેટ હેડ શ્રી અંકિત મછારે જણાવ્યુ હતું કે, આ પ્રોગ્રામ 12-Week Growth Sprint પર આધારિત છે, જેમાં બિઝનેસ એક્સપર્ટ્સ અને AI ટેકનોલોજી દ્વારા કંપનીના સેલ્સ, માર્કેટ એક્સપાન્શન, ઓપરેશન્સ, ફાયનાન્સ પ્લાનિંગ, એસઓપી અને સપ્લાય ચેન જેવા 6 મુખ્ય વિભાગોને સુધારીને પરિણામલક્ષી આઉટકમ મેળવવામાં આવશે.

આ સમારોહમાં નેશનલ પ્રોડક્ટિવિટી કાઉન્સિલના શ્રી સાગર પંચાલે ઇન્ડસ્ટ્રી 4.0 અને પ્રોડક્શન વધારવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. વાધવાણી ફાઉન્ડેશનના શ્રી જિગર જીવાનીએ ડિજિટલ એપ્લિકેશન વિશે અને ગ્રૂપ ચેરમેન શ્રી પુનિત ગજેરાએ આ પ્રોગ્રામના માળખા અંગે માહિતી આપી હતી. આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી ચિત્રાંગ શાહે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. સેશનના અંતે ઉપસ્થિત ઉદ્યોગકારોના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા.